ISSN: 2319-202X

# અધ્યયનના માર્ગદર્શન સિધ્ધાંતો

**ડૉ. હરિપ્રસાદ જોષી**
નિવૃત્ત પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
જિનીલ, ૪૨-શિવસંગમ સોસાયટી, ઈન્દીરા સર્કલ/૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ-૭
Mo : 9898145456 Email:- hojoshi2002@yahoo.com

આંતરરાષ્ટ્રીય શિક્ષણ પરિષદ (જીનીવા, ૨૦૧૪) દ્બ્રારા જાહેર થયેલી એક માર્ગદર્શિકામાં એકવીસમી સદી માટે અધ્યયનના કેટલાક માર્ગદર્શક સિધ્ધાંતો જાહેર થયા છે. આ સિધ્ધાંતો આ પ્રમાણે છે : (૧) વિદ્યાકીય પ્રામાણિકતા, (૨) પ્રત્યાયન સાક્ષરતા, (૩) સર્જનાત્મક વિચારપ્રણાલી, (૪) અનુબંધ સાથેનું અધ્યયન, (૫) સંકલ્પના કેન્દ્રિત અભ્યાસ (૬) સ્વાસ્થ્યપ્રદ માનસિક જાગરુકતા અને (૭) સમાજ શિક્ષણ.

**વિદ્યાકીય પ્રામાણિકતા :** આ એક એવું લક્ષણ છે જે કૌશલ અને ટેકનોલોજીને સાપેક્ષ સામાજિક, મનોવૈજ્ઞાનિક અને નૈતિક વિકાસને મહત્વ આપે છે. વિદ્યાર્થીમાં સ્વપ્રત્યે, સમાજપ્રત્યે અને અધ્યાપન પ્રત્યે હકારાત્મક મનોવલણ વિદ્યાકીય પ્રામાણિકતાને કારણે શક્ય બને છે. બીજાનું લખાણ કે વિચારની ચોરી, સત્તાધારી વ્યક્તિ દ્બ્રારા થતો દુરાચાર, અપ્રમાણિક ખાનગી સમજૂતિની સમજ વિદ્યાભ્યાસ દરમ્યાન કેળવાય તે વિદ્યાકીય પ્રામાણિકતાની ઓળખ છે. આ સમજ વિદ્યાર્થીમાં નિયામક, માર્ગદર્શક અને સહાયક તરીકેનું વ્યક્તિત્વ ઊભું કરવામાં મદદરૂપ થાય છે.

**પ્રત્યાયન સાક્ષરતા :** માહિતી વિસ્ફોટ, આંગળીના ટેરવે નાગરિકત્વ (digital citizenship), ઈન્ટરનેટ આધારિત માહિતી પ્રાપ્તિની કુશળતાએ પ્રત્યાયન સાક્ષરતા છે. પ્રત્યાયન ક્રાંતિ એ એકવીસમી સદીની ભેટ છે. શિક્ષણ અને સંશોધનના વિવિધ મોડલ (રૂપરેખા) અસ્તિત્વમાં આવ્યા છે. આ મોડલ જીવન કાર્યોને સુવ્યસ્થિત અને સ્વીકાર્ય બનાવે એવા અધ્યયન સાહિત્યની સમજ માટે પ્રત્યાયન સાક્ષરતા જરૂરી છે.

**સર્જનાત્મક વિચારપ્રણાલી :** માહિતીને ચોક્કસ સમજ સાથે ઓળખવા માટે સર્જનાત્મક વિચારપ્રણાલી જરૂરી છે. માહિતીને આદર્શવાદી, અહંકારવાદી પૂર્વગ્રહયુક્ત, સનાતન માન્યતાઓ સાથે જ ઓળખવી એ ઉપયુક્ત નથી. ચોક્કસ પ્રકારની સ્વીકારેલી વ્યવસ્થાના અવરોધોને ઓળખી તેને પાર ઉતરી તેની પુન: તપાસ કરવામાં સર્જનાત્મક વિચારસરણી મદદરૂપ થાય છે. જે કાર્ય હાથ પર લેવામાં આવે તેની પાછળનો મૂલ્યલક્ષી વિચાર અને તેના સંદર્ભમાં ભૌતિક, સામાજિક, બૌધ્ધિક અને ભાવાત્મક પાસાંઓને ઓળખી કાર્યપ્રણાલી શીખી જવી એ સર્જનાત્મક વિચારપ્રણાલીને કારણે શક્ય બને છે.

**અનુબંધ સાથેનું અધ્યયન :** જ્ઞાન–વિજ્ઞાનની વિસ્તરતી જતી ક્ષિતિજો એ વિષયની વિગતનો વ્યાપ વધાર્યો છે. માત્ર વિજ્ઞાન જ નહીં પણ સાહિત્ય, સમાજશાસ્ત્ર અને વાણિજ્ય શાસ્ત્રના વિવિધ સ્વરૂપોને કારણે વિષયોની વિવિધ શાખાઓ અસ્તિત્વમાં આવી છે. આ વિષયોની વચ્ચે કોઇ દિવાલ નથી. વિવિધ વિષયના વિષયવસ્તુ વચ્ચેનું જોડાણ અનુબંધ રચે છે. અભ્યાસ દરમ્યાન કોઇ એક વિષયવસ્તુને અન્ય વિષયના વિષયવસ્તુ સાથે જોડીએ તો જ વિગતને સમગ્રતયા સમજી શકાય છે. જીવનશિક્ષણ નામનો વિષય આનું ઉદાહરણ છે. સ્વાસ્થ્ય, સામાજિક વ્યવહાર, નૈતિક શિક્ષણ અનુબંધિત અધ્યયનથી શીખી શકાય છે. જીવન શિક્ષણ તેમજ જીવન કૌશલ્યો વિદ્યાર્થીએ અધ્યયન દરમ્યાન વિવિધ વિષયોનું પરસ્પર જોડાણ સમજવું અનિવાર્ય થઇ પડ્યું છે. અનુબંધ સાથેનું અધ્યયન વિષયને સમગ્રતયા સમજવામાં મદદરૂપ થાય છે.

**સંકલ્પના કેન્દ્રિત અભ્યાસ :** અભ્યાસના પ્રત્યેક વિષયવસ્તુનું ચોક્કસ બંધારણ હોય છે. જેમાં સંકલ્પનાઓ, નિયમો અને માહિતીનું સુગ્રથન હોય છે. વિદ્યાર્થીએ વિષયવસ્તુમાં સમાવિષ્ટ બધી જ સંકલ્પનાઓ અને તેને સંલગ્ન નિયમો સમજવા જોઇએ. સંકલ્પના અને નિયમોની માળખાગત માહિતી જ વિષયવસ્તુ અભ્યાસ છે. આ દ્રષ્ટિએ મૂળ (થડ) ની સમજ હોય તો સમગ્ર બંધારણનું ગ્રહણ, ધારણ અને સંક્રમણ શક્ય બને છે. ઉદાહરણ તરીકે 'પદાર્થનું સ્વરૂપ' વિષયવસ્તુની સંકલ્પનાઓ ઘન,પ્રવાહી અને વાયુ છે. આ ત્રણેયમાં અણુઓની ગોઠવણીને માટેના નિયમો હોય છે. અને તેના ઉદાહરણો તત્વ, મિશ્રણ અને સંયોજનમાં વર્ગીકરણ માહિતી તરીકે વિષયવસ્તુમાં સમાવિષ્ટ છે. આ વિગત સમગ્રતયા સમજવાથી જ અધ્યયન શક્ય બને છે. આ માહિતીનું સ્વરૂપ આ પ્રમાણે છે.

| | તત્વ | મિશ્રણ | સંયોજન |
|---|---|---|---|
| ઘન | લોખંડ | પિત્તળ | ખાંડ |
| પ્રવાહી | પારો | શાહી | પાણી |
| વાયુ | ઓકિસજન | હવા | કાર્બન ડાયોક્સાઇડ |

અધ્યયનની અહીં કેટલીક સંકલ્પનાઓ અને માહિતી ચોક્કસ નિયમોને આધિન છે. અસરકારક અધ્યયન માટે આ રીતે વિષયવસ્તુની સમગ્રતયા સમજ હોવી જોઇએ.

**સ્વાસ્થ્યપ્રદ માનસિક જાગરુકતા :** પર્યાવરણમાં અસમતુલન, જીવન વ્યવહારમાં ભાગદોડ અને કુટુંબ વ્યવસ્થાના પ્રશ્નો બાળકના સ્વાસ્થ્ય અને વર્તન વ્યવહારને અસર કરે છે. ઊંચા શાલેય પરિણામો મેળવવાની આંધળી દોટ પણ માતા–પિતા–બાળકને અસ્વસ્થ કરે છે. પરિણામે શાળા કાર્ય પ્રયત્નો અણગમો વધતો જાય છે. માનસિક તાણ અનુભવાય છે. શારીરિક શિક્ષણ, રમતગમત અને હકારાત્મક જીવન પ્રણાલિ સ્વાસ્થ્ય અને માનસિક જાગરુકતા માટે આવશ્યક છે. મનોવિજ્ઞાન પણ બાળકના બૌદ્ધિક વિકાસ અને ઇચ્છિત શૈક્ષણિક સિદ્ધિ માટે આ બાબત મહત્વની ગણે છે.

શાળાએ વિષયોના શિક્ષણ ઉપરાંત શારીરિક શિક્ષણ માનસિક સજ્જતા/જાગરુકતા, રમતો તેમજ આનંદપ્રદ સ્વાધ્યાય જેવી બાબતોને અધ્યયનમાં પ્રાધાન્ય આપવું જોઇએ.

**સમાજ શિક્ષણ :** માનવી એ સામાજિક પ્રાણી છે. શાળેય શિક્ષણના વિવિધ હેતુઓ પૈકી સામાજિકતાનો વિકાસ એ પ્રમુખ હેતુ છે. અભ્યાસ બાદ બાળકને જે સમાજમાં રહેવાનું છે. તે સમાજ, તેની સામાજિક સંસ્થાઓ, સામાજિક વ્યક્તિત્વના પ્રદાન અને સમાજની વિવિધ વ્યક્તિઓ સાથેની આંતરક્રિયા રીત તેણે જાણવી જોઇએ. જૈવિક પર્યાવરણ તો તેઓ તેમના એક વિષયને આધારે શીખે છે. પરંતુ જીવન શિક્ષણના પાઠો શીખવા માટે તેણે સમાજનું શિક્ષણ મેળવવું જોઇએ. શિક્ષણના ઔપચારિક સાધનો શાળા દ્ભ્રારા પ્રાપ્ત થાય છે પણ અભ્યાસ દરમ્યાન ઔપચારિક સાધનો ગ્રંથાલય, શેરી–મિત્રો, વર્તમાનપત્ર, સામાજિક તેમજ દેવસ્થાનો છે. આ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણમાં 'સમાજ' એક મહત્વનો વિષય છે. સુચારુ વર્તન વ્યવહાર અને જીવન કૌશલ્યાનું શિક્ષણ બાળકને સમાજ દ્ભ્રારા પ્રાપ્ત થાય છે. એ અર્થમાં સમાજ શિક્ષણ ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણ પદ્ધતિએ મળવું જોઇએ.


## શિક્ષણ દર્શન ના લેખકો માટે

**શિક્ષણ દર્શન (ISSN-2319-202X)** માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (**Shruti**) ફોન્ટમાં ટાઈપ કરી નીચેના સરનામે મોકલો.
(લેખની સોફ્ટ કોપી **Dr. Jignesh B. Patel** ને
**jig_har@yahoo.com** પર ઇ-મેલ કરો.)

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**

૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની-
મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪
rgkothari@gmail.com

**શિક્ષણ દર્શન**માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઇ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,
સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

૧ વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**
૩ વર્ષનું લવાજમ –૩૩૦ રૂ.
**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**